# પુત્રવધૂ એટલે પુત્રથી પણ વધુ

ગુરુવારના રોજ અમદાવાદમાં એક પ્રરણાદાયી ઘટના બની. આ ઘટના ભલે અમદાવાદમાં બની હોય પણ તેની પ્રેરણા દેશમાં સમગ્ર સમાજે લેવા જેવી છે. ઘટના એમ હતી કે, એક ગુજરાતી પરિવારના દીકરાના લગ્ન હતા. દીકરાના પપ્પા લેખક છે. તેમણે મનમાં એમ વિચારેલ લગ્ન પાછળ ગુજરાતી પરિવાર લાખો રૂપિયા ખર્ચ કરે છે. મજા કરે છે, આનંદ લે છે, પણ સમાજને શું આપે છે ? જે સમાજમાં રહેતા હોઇએ, જે સમાજમાં રહીને મોટા થતાં થતાં વિકાસ પામતા હોઈએ તે સમાજને કશુંક આપવું તે દરેક સામાજિક સભ્યની ફરજ બની રહે છે. પરિણામે દીકરાના પપ્પા એવા લેખકે ળકેલ પુસ્તકનું વિમોચન ઘરમાં આવનાર પુત્રવધુના હાથે કરાવવાનું વિચાર્યું. આ માટે અમદાવાદમાં ટાગોર હોલમાં જ એક ભવ્ય કાર્યક્રમ પણ ગોઠવવામાં આવ્યો. પુત્રવધુ દ્વારા પુસ્તકનું વિમોચન કરાવીને લેખક સમાજને એક સંદેશ આપવા માંગતા હતા કે, પુત્રવધૂ એટલે પુત્રથી પણ વધુ. જે દીકરી પોતાના ઘરબાર છોડીને નવા ઘરમાં આવી રહી છે ત્યારે તેને પ્રતીતિ થાય કે, નવા ઘરમાં મારું કેટલું માન છે, મારું કેટલું સ્થાન છે વગેરે. આ કાર્યક્રમની ભવ્યતા કરતાં દિવ્યતા વધુ હોવાને કારણે ગુજરાતના શિક્ષણ જગતના અગ્રણીઓ હાજર રહ્યાં હતાં.

આપણા સમાજમાં દિનપ્રતિદિન દીકરીનું સ્થાન વધતું જાય છે. દીકરી એટલે પારકી થાપણ નહીં પણ, તુલસીનો ક્યારો. દીકરી વગરના બાપને કમનસીબ માનવામાં આવે છે. આપણા સમાજમા ભલે દીકરીના સ્થાનમાં વધારો તયો હોય, પણં પુત્રવધૂના સ્થાનમાં જ મોટો કોઇ ફેરફાર થયો હોય તેમ લાગતું નથી. આજે પણ સાસુવહુ વચ્ચેના સંબંધો મા-દીકરી જેવા જોવા મળતા નથી. ત્યારે ઉપરોક્ત કાર્યક્રમ સમાજમાં સામાજિક શિક્ષણ આપવાનું કામ કરી જાય છે. આવા કાર્યક્રમો સમાજમાં જેટલા વધુ ગોઠવાશે તેટલા પ્રમાણમાં પુત્રવધૂના સ્થાનમાં હકારાત્મક પરિવર્તન આવતું જશે. જે સુશિક્ષિત, પ્રગતિશીલ સમાજની નિશાની ગણી શકાય. દરેક સાસુ-સસરા કે નણંદે પોતાના વિચારોમાં પરિવર્તન લાવવાની જરૂર છે. આ પાત્રો બોલેછે ખરાં કે, અમે તો તેને વહુ તરીકે નહીં, દીકરી તરીકે રાખીશું. પણ મોટાભાગે એમ જોવા મળે છે કે, એ શબ્દો ઠાલા નીવડે છે, બદા બોલે છે ખરાં પણ તેનો અમલ કરતા નથી. દરેક સાસુ-સસરા કે નણંદે વિચારવું જોઇએ કે, અમારા ઘરમાં આવનાર છોકરી તેનું ઘણું ઘણું છોડીને આવી છે. ઘરમાં વહું આવે ત્યારે સગાં કે પડોશીમાં રહેતી બહેનો મોટાભાગે પૂછે છે કે, વહુ શું લઇને આવી ? હકીકતમાં અહીં પ્રશ્ન એ હોવો જોઇએ કે, વહુ કેટલું અને શું છોડીને આવી ? પોતાની દીકરી માટે તેના સાસરિયા પાસેથી જે અપેક્ષા રાખવામાં આવે છે, તેવી અપેક્ષા ઘરમાં આવતી બીજાની દીકરી માટે પૂરી કરતા નથી. લગ્ન કરીને ઘરમાં જે દિવસે વહુ આવે છે તે દિવસથી જ મોટાભાગે વહુને ઘરકામમાં જોતરી દેવામાં આવે છે, ભણવામાં કે વિવિધ કૌશલ્યો વિકસાવવામાં અડધી ૨૦-૨૫ વર્ષ ગુમાવનાર છોકરી જ્યારે વહુ બને છે ત્યારે જાણે કે તેને વિચારવાનો કે નિર્ણય લેવાનો હક જ ન હોય તેમ આજે પણ ઘણાં ઘણાં સાસરિયા માને છે. ઘરમાં શું ખાવું, શું લાવવું, નોકરી કરવી કે નહીં વગેરે સાસરિયાએ જ વિચારવાનું .દીકરીમાંથી વહુ બનેતાં જ જાણે કે એક વ્યક્તિત્ત્વનો નાશ થઇ જાય છે અને જે નવું વ્યક્તિત્ત્વ ઊભું થાય છે તે બિચારું અને બાપડું બની રહે છે. પોતાની દીકરીને ત્યાગમૂર્તિ અને નસીબદાર ગણતો સમાજ અન્યની દીકરી જ્યારે પોતાના ઘરમાં આવે છે ત્યારે પોતાના વિચારો-માન્યતાઓ રાતોરાત બદલાઇ જાય છે. ત્યારે પોતાની જાતને ભણેલા કે સુશિક્ષિત ગણતા આ લોકો સાવ નઠોર બની

જાય છે. હકીકતમાં ઘરમાં આવનાર વહુને પુત્ર કરરતાં પણ વધુ માન આપો, દીકરી કરતા પણ વધુ માન આપો, વિચાર કરવાની કે નિર્ણય લેવાની સ્વતંત્રતા આપો. ઘરની વહુ જેટલી વધુ વિકાસ સાધશે, જેટલી વધુ પરિપકવ બનશે તેટલા પ્રમાણમાં જે તે કુટુંબ પણ વિકાસ પામશે. નવી વ્યક્તિ અજાણ્યા ઘરમાં અજાણ્યા લોકો વચ્ચે આવે છે ત્યારે તેને હૂફ જોઇએ છે, નહીં કે તમારી શિખામણ કે સલાહ. તમારી પાંચ-સાત સલાહમાંથી એક સલાહનું પણ જો પાલ ન થયું તો તમે તેને નકારાત્મક લેશો, તેની સાથેનો તમારો વર્તાવ બદલાઇ જશે. માટે મહેરબાની કરીને ઘરમાં આવતી પુત્રવધૂને દીકરી તરીકે સ્વીકારો, તેને ધીમે ધીમે તમારા સ્વભાવ, વાતાવરણથી પરિચિત થવા દો, તેને સહકાર અને સ્વતંત્રતા આપો. તે તમારી થઇ જ જશે. બસ જરૂર છે છોડી ધીરજની અને વિશ્વાસની.

ટાગોર હોલમાં યોજાયેલ આ કાર્યક્રમ ખરેખર સમાજ માટે ખૂબ જ આદર્શ બની રહ્યપ, તમામ મિડિયાએ ણ તેની નોંધ લીધી. સમાચાર છપાયા અને ટી.વી. પર આવ્યા. તે વાંછીને કે જોઇને જો બે-પાંચ ગુજરાતીના હ્દયમાં પરિવર્તન આવે અને પોતાની વહુને – પુત્રવધુને પુત્ર કરતા પણ વધુ માનપાન આપે તો આ લેખ અને ટાગોર હોલમાં યોજાયેલ કાર્યક્રમ પાછળ આપેલ સમય અને ખર્ચ વસૂલ તેમ માનીશું. જો આ લેખ વાંચ્યા પછી પણ કોઈ સાસુ-સસરા કેનણંદ પોતાના વિચારો કે સ્વભાવમાં પરિવર્તન ન લાવે તો માનજો કે આ સલાજ હજુ પછતા રહેવામાં માને છે, ખોટા આડંબર અને અભિમાનમાં રાચવામાં માને છે.

અંતે એક સલાહ કે, જો ખુસ થવું હોય, કાયમી ખુશ રહેવું હોય, સમાજમાં માનમોભો મેળવવો હોય તો તમારી પુત્રવધૂને પુત્ર કરતાં પણ વધુ ગણજો. દીકરી કરતા વધારે સ્થાન આપજો. તેના હિત ખાતર ન વિચારો તો વાંધો નથી, પણ તમારા હિત ખાતર, તમારા ભવિષ્યના જીવન ખાતર પણ આ વિચારવું પડશે જ. માનસિક રીતે જ ખુિશ રહેવું હોય, આનંદિત રહેવું હોય, ઘરને જો પ્રગતિના પંથે લઇ જવું હોય તો, પુત્ર વધુને ખુશ રાખજો. તે જેટલી ખુશ તેટલું તમારું કુટુંબ ખુશ. અંતે પોતાનું ઘર, મા-બાપ-ભાઈ-બહેન અરે સર્વસ્વ છોડીને જનાર દુનિયાની દરેક છોકરી-દીકરીને મારા લાખલાખલ અભિનંદન સાથે સલાહ......... બેટા તમે જેટલા સુખી એટલા અમે સુખી. જીભ સારી રાખજો, ઘર છોડયું જ છે તો બીજું પણ છોડવાની તૈયારી અને ભાવના રાખજો. તમારા કારણે જ આ સમાજ ટક્યો છે અને ટકશે. ભારતીય નારી-સ્ત્રીના ગૌરવમાં સહેજ પણ આંચ ન આવે તે જોવાની તમારી ફરજ છે. તમારા માટે અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ. તમે સૌ સુખી રહો તેવી આ લેખકની શુભેચ્છા. પુત્ર-પૂત્રીના લગ્નમાં મજા-આનંદ મેળવવા ખચે કરો, મહેનત કરો, પણ સાથે સમાજ પ્રત્યેની ફરજ નિભાવવાનું કોઇ ન ચૂકે તેવી અભ્યર્થના સાથે.

**dr.ashokpatel@in.com**